જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૯૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૫ | ૦ | ૧૦૬૭૫ | ૧૬૮૦૫ | ૦ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૦૯૨ | ૩૪ | ૧૫૧૨૬ | ૧૫૯૦૯ | ૩૯ | ૧૫૯૪૮ |
| | કુલ | ૩૦૧૬૧ | ૩૪ | ૩૦૧૯૫ | ૩૮૭૯૩ | ૩૯ | ૩૮૮૩૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૫ | ૧૩,૩૯,૮૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૫૩ | ૧૫,૫૩,૦૦૦/- |

# છેતરપીંડીના ગુનાનો મુદ્દામાલ કબજે કર્યાની વિગત

**ખાડીયા પોલીસ સ્ટેશન :**

## ફરીયાદીશ્રી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી આરોપી ફરીયાદીશ્રીનો રૂ.૩૦,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ લઇ ગયેલ હોય જે આરોપી તથા મુદ્દામાલ બાબતે પશ્ચિમ બંગાળ  ખાતે તપાસમાં જઇ રૂ.૨૫,૧૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરતી ખાડીયા પોલીસ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ઇ” ડીવીઝન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ, ખાડીયા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ આસ્ટોડીયા પોલીસ ચોકીના પ્રો.પો.સ.ઇ. આર.એચ.દેસાઇ તથા અ.હેડ.કોન્સ. રમાકાંત છોટેલાલ બ.નં- ૩૬૨૩ તથા અ.પો.કો. શૈલેષકુમાર લીલાજી બ.નં-૧૩૧૦૪ તથા અ.લો.ર. હિતેન્દ્રસિંહ જગદિશસિંહ બ.નં.૫૫૬ નાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૫૨૦૦૩૨૩ ધી ઇ.પી.કો. કલમ-૪૦૮, ૪૨૦ મુજબના ગુનાના કામે ઘાતાલ, પશ્ચિમ મેદનીપુર, પશ્ચિમ બંગાળ ખાતે આરોપી તથા મુદ્દામાલની તપાસમાં જઇ આ કામના આરોપીના હાલના સરનામેથી સોનાના દાગીના આશરે ૫૨૬.૩૭  ગ્રામ આશરે કિં.રૂ.૨૫,૧૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૦/૧૦/૨૦૨૦






# ગુમ/અપહરણ ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**વાસણા પોલીસ સ્ટેશન :**

## અપહરણના ગુનામા ભોગ બનનાર સગીર બાળા તથા આરોપીને શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરતી વાસણા પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર નાઓએ ગુમ/ અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા સારુ જરૂરી સુચનાઓ આપેલ જે આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એમ.એમ.સોલંકી,વાસણા પોલીસ સ્ટેશન નાઓએ વાસણા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૬૨૦૦૯૭૯/૨૦૨૦ ઇપીકો કલમ-૩૬૩ મુજબના કામે ગુમ/અપહરણ થયેલ બાળકીને શોધી કાઢવા પો.સ.ઇ સર્વેલંસ તથા કર્મચારીઓને જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ જે અન્વયે સર્વેલન્સ સ્કોડમા ફરજ બજાવતા અ.પો.કો વિજયસિંહ હનુભા તથા અ.પો.કો જીતેંદ્રસિંહ દશરથસિંહ તથા વુ.લો.ર.શિતલબેન કાનજીભાઇ નાઓએ ગુમ/અપહરણ થયેલ બાળકીના રહેણાક વિસ્તારમા તેમજ આજુબાજુ વિસ્તારમા જીણવટ ભરી તપાસ કરી તેમજ સી.સી.ટી.વી કેમેરા આધારે તપાસ કરી અપહરણ થયેલ બાળકી ઉ.વ.૧૨ વર્ષ ૭ માસ તથા તેણીને ભગાડી જનાર આરોપી વિનોદ નાનાલાલ મંગાજી મીણા (અહારી) ઉવ.૨૧ રહે:હાલ મ.નં-૬ દિલીપભાઇ રબારીના મકાનમા હરીઓમનગર શક્તી કેટર્સ ની સામે,નારાયણનગર વાસણા અમદાવાદ શહેર મુળ વતન-વોર્ડ નં-૯ અગ્રાતફલા કેસરીયાજી બલુઆ તા-સરાડા જી-ઉદેપુર રાજસ્થાન નાઓને શોધી કાઢી તા-૧૫/૧૦/૨૦૨૦ ના રોજ પો.સ્ટે લાવી રજુ કરેલ અને આરોપી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી કોર્ટ કસ્ટડીમા મોકલી આપેલ તથા બાળાને તેની માતાપિતાને શોપવામા આવેલ.આમ,અપહરણ થયેલ બાળકી તથા તેને ભગાડી જનાર આરોપીને શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા-૧૯/૧૦/૨૦૨૦

**બાતમી આધારે છોકરી તથા આરોપીને શોધનાર કર્મચારી-**

(૧) અ.પો.કો વિજયસિંહ હનુભા

(૨) અ.પો.કો જીતેંદ્રસિંહ દશરથસિંહ

(૩) વુ.લો.ર શિતલબેન કાનજીભાઇ

**સારી કામગીરી કરનામ કર્મચારીઓ-**

(૧)અ.હે.કો મહાવિરસિંહ કાળુસિંહ

(૨)અ.પો.કો સંદિપભાઇ વિજયભાઇ

(૩)અ.પો.કો વિજયભાઇ બનાભાઇ

(૪)અ.પો.કો તુષારગીરી રાજેંદ્રગીરી

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ખોખરા પોલીસ સ્ટેશન :</u>**

## <u>ખોખરા પોલીસ સ્ટેશન તથા મણીનગર પોલીસ સ્ટેશન તથા ઇસનપુર પોલીસ સ્ટેશન તથા રામોલ પોલીસ સ્ટેશન તથા કાલુપુર પોલીસ સ્ટેશન તથા રખીયાલ પોલીસ સ્ટેશનના વાહન ચોરી તથા મોબાઇલ ફોન ચોરીના અનડીટેક્ટ ગુના ગણતરીના કલાકોમા ડીટેક્ટ કરી ચોરીના વાહનો તથા ચોરીના મોબાઈલ ફોન સાથે આરોપીઓને ઝડપી પાડતી ખોખરા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘આઇ’ ડિવીઝન અમદાવાદ શહેરનાઓએ મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના અનુસંધાને ખોખરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર શ્રી વાય.એસ.ગામીત સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ  પો.સબ.ઈન્સ.શ્રી આર.એન.ચુડાસમા તથા ઈન્વેસ્ટીગેશન સ્કવોડમા ફરજ બજાવતા અ.હેડ.કોન્સ.હરેશભાઇ જગાભાઇ સારલા બ.નં.૬૨૦૧ તથા પો.કો.સંજયકુમાર ગોવિંદભાઇ બ.નં.૧૩૦૬૬ તથા લો.ર.હરદેવસિંહ ભાવસંગભાઇ બ.નં.૧૨૦૯૪ તથા સર્વેલન્સ સ્ક્વોડ ના અ.હેડ.કોન્સ. ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા અ.હેડ.કોન્સ.જીગ્નેશભાઈ જીવાભાઈ બ.નં.૯૯૨૨ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા પો.કો.વિજયકુમાર અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૧૮૫૮ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સુનીલકુમાર કાળુભાઇ બ.નં.૯૫૯ એ રીતેના પોલીસના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા જશોદાનગર કેનાલ પાસે જશોદાનગર બ્રીજના પચ્ચિમના છેડે આવતા સાથેના અ.હેડ.કોન્સ.હરેશભાઇ જગાભાઇ સારલા બ.નં.૬૨૦૧ નાઓને બાતમી હકીકત મળેલ કે “ચાર ઇસમો જે આશરે ૨૦ થી ૨૫ વર્ષની આશરાના છે જેઓ કોઇ જગ્યાએથી મોબાઇલ ફોનની ચોરી કરી તેઓના કબ્જાના વાહનો દ્રારા ભેગા મળી એકબીજાની મદદગારીથી રસ્તે ચાલતા આવતા જતા એકલ દોકલ ઇસમોને ટાર્ગેટ બનાવી તેઓ પાસેથી રહેલ મોબાઇલ ફોનની ચીલઝડપ કરી લઇ ભાગી જાય છે અને હાલમા તેઓ પાસે એક ઓટો રીક્ષા નંબર જી.જે.-૦૧-ટી.ડી-૮૦૯૦ તથા બે એક્સેસ સ્કુટર જે બન્ને સ્કુટરના આગળ પાછળ નંબર લખેલ નથી જે એક એક્સેસ સ્કુટર બ્લ્યુ કલરનું તથા બીજુ એક્સેસ સ્કુટર મોરપીછ જેવા કલરનું છે.જે વાહનો છે જે ત્રણેય વાહનો લઇ ગોરના કુવા તરફથી આવી અત્રે થઇ જનાર છે” જે બાતમી હકીકત આધારે એક ઓટો રીક્ષા તથા બે નંબર પ્લેટ વગરના

એક્સેસ સ્કુટર તથા મોબાઇલ ફોન નંગ-૧૧ સાથે ઝડપી પાડી તેને અ.હેડ.કોન્સ. હરેશભાઇ જગાભાઇ સારલા બ.નં.૬૨૦૧ નાઓએ યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા સદરી આરોપીઓએ ઉપરોક્ત વાહનો પૈકી મોરપીંછ કલરનું નંબર પ્લેટ વગરનું એક્સેસ સ્કુટર કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી તથા બ્લ્યુ કલરનું નંબર પ્લેટ વગરનું એક્સેસ સ્કુટર રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તાર માથી તથા મોબાઇલ ફોન બાબતે પુંછતા જે મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી-૪, ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી-3, રામોલ પોલીસ સ્ટેશન વિસ્તાર માથી-1,ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી-1 મોબાઈલ ફોન રસ્તામા આવતા જતા એકલ દોકલ માણસોના હાથ માથી ઝુંટવી લઈ ચીલ ઝડપ કરી ચોરી કરી લઇ આવેલાનું જણાય આવતા પૉકેટ કોપ/ઈ-ગુજકોપ ની મદદ થી તપાસ કરાવતા નં.(1)મોરપીંછ કલરનું એક્સેસ સ્કુટર બાબતે કાલુપુર પોલીસ સ્ટશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૬૨૦૦૩૯૮/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તથા નં.(2)બ્લ્યુ કલરનું એક્સેસ સ્કુટર બાબતે રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૯૨૦૦૬૦૫/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯,૧૧૪ મુજબ તેમજ મોબાઇલ ફોનો બાબતે તપાસ કરાવતા નં.(3)મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૬૯૫/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩),૧૧૪ મુજબ તથા નં.(4)ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૨૨૦૧૪૭૯/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩),૧૧૪ મુજબ તથા નં.(5)ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૨૨૦૧૪૮૨/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ- ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબ તથા નં.(6)રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં..૧૧૧૯૧૦૨૪૨૦૧૫૪૨/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબ તથા નં.(7)ખોખરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૦૧૦૫૮/ ૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીઓને તા.૧૭/૧૦/૨૦૨૦ ના કલાક-૨૨/૦૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી ચોરીમા ગયેલ મોબાઇલ ફોન નંગ-૧૧ ની કુલ્લે કિં.રૂ. ૧,૧૧,૦૦૦/- તથા એક્સેસ સ્કુટર નંગ-૨ ની કુલ્લે કિં.રૂ. ૧,૧૦,૦૦૦/- તથા ઓટોરીક્ષા નંગ-૦૧ ની કિં.રૂ. ૮૦,૦૦૦/- મળી તમામ મુદ્દામાલની કુલ્લે કિં.રૂ. ૩,૦૧,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર) નો મુદ્દામાલ ચાર આરોપીઓ સાથે ગણતરીના કલાકોમા રીકવર કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય અને સારી કામગીરી કરેલ છે.

## આરોપીઓ તથા મુદ્દામાલ




















**સાબરમતી પોલીસ સ્ટેશન :**

## પોકેટ કોપ મોબાઇલની મદદથી વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેરનાઓ તરફથી મિલકતસબંધીગુનારોકવાતેમજબનેલગુનાઓશોધવાસારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળસર્વેલન્સસ્કોડ પો.સ.ઇ.તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રીમતી બી.પી.ભેટારીયાતથા પો.કો. મોઘજીભાઈવિરમભાઈ બ.નં.૮૩૦૨તથા લોકરક્ષકઅજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨નાઓને ખાનગીરાહે સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, "એક ઇસમ જેને શરીરે આછો વાદળી કલરનો શર્ટ તથા કાળા કલરનું પેંટ પહેરેલ છે જે પોતાના કબજામાંએક સફેદ કલરનું એક્ટીવા નં. GJ-02-CC-1212નું લઇ ન્યુ રાણીપ તળાવ પાસેથી પસાર થનાર છે અને તે એક્ટીવા ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનુ જણાય છે" વિગેરે બાતમી હકીકત આધારે સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોને સાથે રાખી હકીકતવાળી જગ્યાએ વોચ દરમ્યાન ઉપરોક્ત બાતમી હકીકતવાળા ઇસમને એક એક્ટીવા જેની કિમત રૂપિયા ૨૫,૦૦૦/- નો મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જે ઇસમનું નામ પુછતા પોતાનું નામ વંદન પટેલ જણાવેલ અને એક્ટીવા પોતાની માલિકીનુંહોવાનું જણાવતા આર.સી. બુક માંગતા પોતાની પાસે નહિ હોવાનું જણાવતા પોકેટ કોપ મોબાઇલમાં એકટીવા નંબર ચેક કરતા એકટીવા માલીક અન્ય હોવાનું જણાઇ આવેલ જેથી સદર આરોપી વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ ધોરણસર કાર્યવાહી કરી સદર મુદ્દામાલ સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે લીધેલ છે. આ મુદ્દામાલ બાબતે તપાસ કરતાં મહેસાણા બી ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૭૩/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી મળી આવેલ ઇસમ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે અને આરોપી તેમજ મુદ્દામાલ સદર ગુનાના કામે મહેસાણા “બી” ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવાની તજવીજ કરવામાં આવેલ છે.

તા.૧૮/૧૦/૨૦૨૦

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-**

(૧)પો.સ.ઇ. શ્રીમતી બી.પી.ભેટારીયા (૨) મ.સ.ઇ. રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ (૩) અનાર્મ હેડ કો. જગદીશચંદ્ર વિનોદકુમાર બ.નં.૮૫૨૪ (૪) પો.કો.વિજયસિંહ પ્રુથ્વીસિંહ બ.નં.૫૭૫૫ (૫) પો.કો.મોઘજીભાઈ વિરમભાઇ બ.નં.૮૩૦૨ (૬) પો.કો.કમલેશકુમાર સોમાભાઇ બ.નં.૫૭૧૧ (૭) પો.કો.હિતેષકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯ (૮) લોકરક્ષક કમલેશભાઇ સાગરભાઇ બ.નં.૮૦૫૫ (૯) લોકરક્ષક ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ (૧૦) લોકરક્ષક અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ (૧૧) પો.કો.શક્તિસિંહ જગદીશસિંહ બ.નં.૦૪૪૩

**પકડાયેલ આરોપીઓ:-**

વંદનભાઇ સ/ઓ પ્રવિણભાઇ પટેલ ઉ.વ.૨૬ રહે. જે-૨૦૧ યોગેશ્વર હીલ્સ આનંદ પાર્ટી પ્લોટ પાસે ન્યુ રાણીપ સાબરમતી અમદાવાદ શહેર મુળગામ-વેડા તાલુકો-કલોલ જીલ્લો- ગાંધીનગર

**કબ્જે કરેલ મુદામાલ :-**

એક હોંડા એક્ટીવા સફેદ કલરનું જેનો આર.ટી.ઓ. નં. GJ-02-CC-1212 એન્જીન નંબરJF50E72259309 તથા ચેસીસ નંબર ME4JF504HF7259234 છે. આશરે કિં. રૂ. ૨૫,૦૦૦/-

**રાણીપ પોલીસ સ્ટેશન :**

## પોકેટ કોપ મોબાઈલ ફોનની મદદથી ચાંદખેડા પો.સ્ટે.નું ચોરીનું એકટીવા શોધી કાઢતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની જરૂરી સૂચના મુજબ જે.બી.ખાંભલા પોલીસ ઈન્સ્પેકટર રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં તથા આજુબાજુના વિસ્તારોમાં બનતા મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ પોકેટ કોપ મો ફોન આધારે પો સ્ટે વિસ્તારમાં બિનવારસી હાલતમાં પડી રહેલ વાહનોની તપાસ કરી કોઈ ગુનાહીત મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ જરૂરી સૂચના આધારે રાણીપ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો દેવકરણભાઈ અજાભાઈ બ.નં ૫૫૫૯ તથા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા અ.લો.ર અશ્વિનકુમાર વાઘાભાઈ બ.ન ૩૬૭ તથા અ.લો.ર લાખાભાઇ દેહાભાઈ બ.ન ૦૪૮૧ એ રાણીપ પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન રાણીપ જી.એસ.ટી ફાટક પાસેથી એક બિનવારસી હાલતમાં પડી રહેલ હોન્ડા એકટીવા આગળ તથા પાછળ આર.ટી.ઑ રજીસ્ટેશન નંબર GJ-01-SE-5661 જેનો એન્જિન નંબર JF50E80633314 ચેસિસ નંબર ME4JF501MD8635171 જેની કિમત રૂપિયા ૨૫,000/- જેટલી ગણી શકાય તે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો સ્ટે ફર્સ્ટ ગુ.ર.ન ૦૦૧૭/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ ના ગુનાના કામે મુદ્દામાલ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૧૯/૧૦/૨૦૨૦



# પાસા અટકાયતીની વિગત

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે દશરથભાઈ કાનજી જાતે પટણી(હીકાવાળા) ઉ.વ.૪૨ ધંધો-છુટક મજુરી રહે.ઘર નં.૨૦ ચંદનનગર સોસાયટી, પંજાબ સોસાયટી પાસે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૮૨૦/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ  કલમ ૬૬(બી), ૬૫(એ)(એ) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-C-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૬૦૧/૨૦ ધી પ્રોહી. એક્ટ  કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ),૮૧, મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-C-ગુ.ર.નં.૧૧૧૯૧ ૦૩૩૨૦૧૮૯૬/૨૦ ધી પ્રોહી. એક્ટ  કલમ ૬૬(બી), ૬૫(ઈ),૮૧, મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-C-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૦૬૦/૨૦ ધી પ્રોહી. એક્ટ  કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:- ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૮૯/૨૦૨૦ તા.૧૯/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી તરીકે “ખાસ જેલ-પાલારા ભુજ” ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી અટકાયતીને આજરોજ તા.૧૯/૧૦/૨૦૨૦ ના કલાક ૧૬/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “ખાસ જેલ-પાલારા ભુજ” ખાતે મોકલી આપેલ છે.તા.૧૯/૧૦/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૨) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

પાસા અટકાયતી ઈસમનો ફોટો



**નરોડા પોલીસ સ્ટેશન :**

## પ્રોહી લીસ્ટેડ બુટલેગર આરોપણ બેનને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૧૪૬/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(ઇ) ૮૧ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૨૩૧/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(ઇ) ૮૧ ૯૮(૨) મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૪૩૮/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(ઇ) ૮૧ મુજબના ગુનાઓ દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૦૯૪/૨૦૨૦ તા-૧૯/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપણ બેનને તા.૧૯/૧૦/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૯/૧૦/૨૦૨૦

### આરોપણ બેનનુ નામ -

"રીનાબેન વા/ઓ યોગેશ ઉર્ફે બોબડો ઘાંસી ઉ.વ.૪૨ રહે: સુભાષનગર ઘાંસીનગરના છાપરા તીવારી સ્કુલની પાસે નોબલનગર અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૯૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૨૨૨ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૯૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છત પરથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૭૯૮/૨૦૨૦**

**ઓઢવઃ** ભરતભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૮) (રહે. જોગણીમાતાના મંદીર પાસે રબારી વસાહત ઓઢવ) તા.૧૯/૧૦/૨૦૨૦ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ વેપારી મહામંડળ શેડ નંબર-૨૮૦/૨૮૧ કોહીનુર રોલીંગ મીલમાં છતના સીમેન્ટના પતરા બદલવા તથા રીપેરીંગના કામકાજ માટે ગયા હતા. જ્યાં છતના ભાગે પતરાના રિપેરીંગનુ કામકાજ કરતા હતા ત્યારે પગ લપસી જતા પતરુ તુટી જતા નિચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિનોદભાઈ ગોરાભાઈ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૭૯૯/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** સોલા ગોતા તળાવ પાસે મારૂતી નંદન સ્ક્રેપ્ટ કંપનીના ગોડાઉન ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા જીતેન્દ્ર પ્રકાશભાઇ ગૌતમ (ઉ.વ.૨૩) તા.૧૪/૧૦/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મારૂતી નંદન સ્ક્રીપ્ટ ગોતા ખાતે ભંગારનો સામાન દબાવવાના તથા કટીંગ કરવાના મશીન પર બોટલ દબાવતા તેમાથી ગેસ નીકળતા, તેમા કોઈ કારણસર આગ લાગતા જીતેન્દ્ર ગૌતમ દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હત. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૦/૨૦૨૦ બપોરના ૩/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભીમાભાઇ લાખાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૦૦/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** અશોકભાઇ નાથાલાલ પટેલ (ઉ.વ.૫૭) (રહે. આકાશ એલીગન્સ એશ્વર્યા બંગલોઝ પાસે રેલ્વે લાઇનની બાજુમાં સોલા સાયન્સ સીટી રોડ સોલા) એ બિમારીથી કંટાળી તા.૧૯/૧૦/૨૦૨૦ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** નિર્મળાબહેન રાજેશભાઇ પરમાર (ઉ.વ.૬૫) (રહે. વિરમાયાનગર જગનાળા તલાવડી આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૦ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેધુ હતુ. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**રાણીપઃ** રાણીપ બલોલનગર નગરપાલિકા સામે યોગી કૃપા સોસાયટી ખાતે રહેતા ભરતભાઈ કાળુભાઈ રેશમીયાની બાર વર્ષની પુત્રી હેમાની એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.

**સાબરમતીઃ** સતિષભાઇ નારાયણભાઇ શેઠ્ઠી (ઉ.વ.૪૮) (રહે. શ્યામલભાઇ લલ્લુભાઇની ખડકી કાળીગામ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૦ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પંચશ્લોક હોમ્સ સામે ત્રાગડ રોડ ખુલ્લા મેદાનમાં બાવળોની ડાળી સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**રામોલઃ** જયેશ પ્રેમસુખભાઇ બાગડી (ઉ.વ.૨૩) (રહે. સોના હી સોના ફ્લેટ આર.એ.એફ. કંપની સામે વસ્ત્રાલ) એ બીમારીથી કંટાળી તા.૧૯/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમના કુવારા સાથે કપડાનો પટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી